# મર્ડરના ગુનામાં સંડોવાયેલ આરોપીઓને ઝડપી પાડતી, ડીંડોલી પોલીસ.

સુરત શહેરના ડીંડોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા-૧૬/૧૧/૨૦૧૯ ના રોજ ડીંડોલી જગદંબાનગર પાસે ચાર ઇસમોએ ફરી.શ્રી તથા પતિ, તથા ફરી.ના દિકરાને તિક્ષ્ણ હથીયાર વડે ઇજા પહોચાડેલ જેમાં ફરીયાદીશ્રીના પતિનુ મોત થયેલ જે અંગે ડીંડોલી પોલીસ સ્ટેશન I ગુ.ર.નં. ૧૯૩/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૦૨, ૩૦૭,૩૨૪,૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ સદરહુ ગુનામા સંડોવાયેલ આરોપીઓને શોધી કાઢવા સારૂ પોલીસ માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.પો.કો. આનંદ રત્નાભાઇ તથા અ.પો.કો. દિનેશ અમૃતભાઇ નાઓને મળેલ સંયુકત-ખાનગી બાતમી હકીકતના આધારે ઉપરોક્ત ગુનામા સંડોવાયેલ આરોપી (૧) અવિનાશ S/O રામચન્દ્ર ઉત્તમભાઇ સોનવણે ઉ.વ.૨૧ રહે-ઘર નં. ૫૨, જગદંબાનગર સી.આર.પાટીલ રોડ ડીંડોલી, સુરત (૨) દિપક ઉર્ફે દિપુ S/O ગણેશ ચુડામણ પાટીલ ઉ.વ.૧૯ રહે-૨૩૦, શ્રીહરીનગર, ડીંડોલી, સુરત (૩) પંકજ શ્યામચન્દ્ર તિલકધારી ચૌહાણ ઉ.વ.૧૯ રહે.પ્લોટ નં. ૩૩, જગદંબાનગર ડીંડોલી, સુરત તથા (૪) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરનાને પકડી પાડી ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.